

## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી માર્ગદર્શન વિષય સંબંધિત વચનામૃતો

જે ચીજને પકડવી છે તેને પહેલાં પૂરી સમજી લેવો (યથાર્થ નિર્ણય કરી લેવો) જોઈએ. (૪૬૪)

***

ધ્રુવતત્ત્વને સમજવા માટે પર્યાય સિવાય કોઈ બીજો ઉપાય જ નથી, તેથી પર્યાયથી જ બધી વાત કહેવામાં (સમજાવવામાં) આવે છે. (૪૬૬)

***

પહેલાં તો અસલ (નિરપેક્ષ) વાત નક્કી કરી લો, પછી અપેક્ષિત વાતોને સમજણમાં લો. એક બાજુ, પરદ્રવ્યનું ચિંતન રાગનું કારણ બતાવે; બીજી બાજુ, કેવળીના દ્રવ્યગુણપર્યાયનું ચિંતન મોહક્ષયનું કારણ બતાવે; હવે પરદ્રવ્યનું ચિંતન રાગનું કારણ, તે તો ‘સિદ્ધાંત’ છે; અને મોહક્ષયનું કારણ તો ‘નિમિત્તની અપેક્ષાથી’ કહ્યું છે. આ રીતે બધી જગ્યાએ ‘નિરપેક્ષ’ વાત કાઢીને પછી ‘અપેક્ષિત’ વાત સમજી લેવી જોઈએ. (૪૭૩)

***

વાસ્તવમાં સાંભળવા વગેરેનો રસ ઓછો થઈ જવો જોઈએ, તે ઓછો ક્યારે થશે? કે જ્યારે અંદરનો રસ વધતો જાય ત્યારે તે બાજુનો રસ ઓછો થતો જાય. (એટલે) શરૂથી જ તે બાજુમાં (સાંભળવા આદિમાં) જોર નહિ આવવું જોઈએ. (મુમુક્ષુ જીવને શુભભાવમાં રસ આવે છે, તે પણ વિભાવરસ જ છે. સિદ્ધાંત તો એ છે કે કાંઈ પણ (શુભાશુભભાવમાં) વિભાવરસ તીવ્ર નહિ હોવો જોઈએ. અતઃ એવી સમજપૂર્વક અત્યંત સાવધાની રહેવાથી, ઉક્ત પ્રતિબંધક રસ તીવ્ર નહિ હોવાથી, અંતરસ્વભાવરસ ઉત્પન્ન થવાનો અવકાશ બને છે; અને એવા અવકાશથી અંતરસ્વભાવ રસ આવિર્ભૂત થવાની પ્રક્રિયા સંભવિત છે.) (૪૮૯)

***

પ્રશ્ન :- આ બધી વાત સાચી છે, પણ વિકલ્પ તૂટતો નથી?

ઉત્તર :- વિકલ્પથી શા માટે ડરો છો? તેને પણ તેની સત્તામાં રહેવા દો; અને તમે તમારી ત્રિકાળી સત્તામાં રહો. વિકલ્પને તોડવાંકરવા જશો તો તમારી ધ્રુવ સત્તાનો (શ્રદ્ધામાં) નાશ થશે; તોપણ આ વિકલ્પો તો તૂટશે નહિ. (૪૯૧)

*** (વચનામૃતનો શેષ અંશ પૃષ્ઠ સંખ્યા-૧૮ ઉપર...)

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૮૩, વર્ષ–૨૪, જુલાઈ–૨૦૨૧

**અષાઢ વદ ૯, મંગળવાર, તા.૧૨-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર**
**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૮૫ પ્રવચન–૩૨**

૮૫. 'આત્માનુભવમાં સર્વ ગુણ છે.'

जहिं अप्पा तहिं सयल-गुण, केवलि एम भणति।
तिहि कारणए जोइ फुडु, अप्पा विमलु मुणंति।।
।।८५।।

આહાહા..! આચાર્યને કેવળીની સાક્ષી દેવી પડી. બાપુ! જે સર્વજ્ઞ છે ને? જે કેવળજ્ઞાની પ્રભુ છે ને? એને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોકની પર્યાયમાં પરિપૂર્ણતા જાણતાં તેમાં બધું જણાઈ ગયું. પાણીને જોતાં, પાણીમાં નજર પડતાં પાણીમાં માથે જે તારા હોય એ પાણીને જોતા દેખાય જાય છે. એમ ભગવાનઆત્માની નિર્મળ પર્યાય જોતાં ત્રણકાળ ત્રણલોક એમાં જણાય જાય છે. પાણી સ્વચ્છ હોય ને? સ્વચ્છ પાણી. આમ નજર પડે (પાણીમાં) ત્યાં (દેખાય). એણે આમ નજર (તારા તરફ) ન કરવી પડે. ત્યાં નક્ષત્ર, તારા બધું પાણીની સ્વચ્છતામાં જણાય. એમ ભગવાનઆત્મા પોતાના અવલંબનથી પ્રગટેલી જ્ઞાનગુણની પરિપૂર્ણ કેવળપર્યાય, એને જોતાં ત્રણકાળ ત્રણલોક એમાં આવી જાય છેજણાય જાય છે.

મુમુક્ષુ : પાણીમાં તારા ભેગા છે ને ?

ઉત્તર : તારા ક્યાં હતા? તારા તો ત્યાં છે. તારા સંબંધીની જે જળની સ્વચ્છતા છે એ ત્યાં છે. તારા ત્યાં છે? એમ આત્માની સ્વચ્છતાની પર્યાયમાં શું લોકાલોક છે? લોકાલોક સંબંધીનું પોતાનું જ્ઞાન ત્યાં છે, એ જ્ઞાન ત્યાં જણાય જાય છે, આ જ્ઞાન છે. આહાહા..! ત્યાં શું લીમડો અહીં આવી જાય છે. અમારા શેઠ ઠીક છે, હળવેથી લાકડું નાખે. પાણીમાં તારા ભેગા છે ને? પાણીમાં છે કે નહિ? તારા ન્યાં હશે, તારા તો ત્યાં છે. પાણીની સ્વચ્છતાનું એ બધું રૂપ છે, પાણીની સ્વચ્છતાનું એ આખું પૂરું રૂપ છે. એમ ભગવાનઆત્મા કૈવલ્ય દશાની પર્યાય જ્યાં પ્રગટ થઈ, એને જોતાં લોકાલોક સંબંધીનું જ્ઞાન એ પોતાનું જ્ઞાન ત્યાં છે. એ જ્ઞાનને જોવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવડો આત્મા, બાપુ! જેની એક સમયની પર્યાય લોકાલોકને સામું જોયા વિના અહીં જોતા જણાય, એવી એવી અનંતી પર્યાયનો તો એક ગુણ, એવા એવા અનંતા ગુણનો (પિંડ) એક દ્રવ્ય એની શું વાત કરવી! જેને ધર્મ કરવો છે એ કરનારો કેવડો એની એને ખબર ન મળે. કરનાર આત્મા, પણ એ કેવડો ને ક્યાં, કેવી રીતે? એ આપણને કાંઈ ખબર નથી. હવે ખબર નથી તો કરશે શું ઈ? સમજાણું કાંઈ? ગુજરાતી છે ને એનું? આમાં નાખ્યું છે ને આપણે?

**જ્યાં આત્મા ત્યાં સકળ ગુણ, કેવળી બોલે એમ;**
**પ્રગટ અનુભવ આપનો, નિર્મળ કરો સો પ્રેમ. ૮૫**

ચેતનપ્રભુ! ચેતન સંપદા રે તારા ધામમાં. હે ચેતનપ્રભુ! ચેતન સંપદા રે તારા ધામમાં. એ લોકાલોકની સંપદા અહીં છે, ન્યાં ક્યાં લોકાલોક એના ઘરે રહ્યા. એ કાંઈ જ્ઞાનની પર્યાયમાં આવ્યા છે? અને જ્ઞાનની પર્યાયમાં લોકાલોક અહીં આવ્યું છે? એ તો જ્ઞાનની પર્યાયના સ્વપરપ્રકાશ સામર્થ્યમાં એ પોતે જોતાં ઓલું જણાય. એને જાણે છે કહેવું વ્યવહાર છે. આત્મજ્ઞાનમય સર્વજ્ઞતા છે. આહાહા..! અરે..! આવો આત્મા, એને મહિમાથી દૃષ્ટિમાં લીધો નહિ અને એને મહિમા રાગની, પુણ્યની, નિમિત્તની અને આ ધૂળની. વ્યવહાર રત્નત્રયના વિકલ્પની મહિમા. એને આ એક ક્ષણમાં ઉપાધિનો મેલ, એની મહિમા. ભગવાન આવડો મોટો (મહિમાવંત) એને રુચે નહિ, હજી રુચે નહિ, એનું પરિણમન કે દિ' થાય? કહે છે ને, એકાંત થઈ જાય છે. અરે..! ભગવાન! સાંભળને ભાઈ! જાવા દે ને, અંદરમાં જવા દે ને, એનું નામ એકાંત છે. પંડિતજી! છે ને? આહાહા..!



ભગવાન! તારા ઘરની વાત છે, ભાઈ! એના પોતાના ઘરની વાત છે, બાપુ! આ કાંઈ કોઈની વાત નથી. સમજાણું? એને પકડવી છે ને એને જાણવી છે ને એને ગ્રહવી છે. કોઈ કરાવી દે એવું નથી. ત્રણલોકના નાથ તીર્થંકર પણ શું કરે? અનંત તીર્થંકરો થયા, ધોધમાર (ઉપદેશ) ચાલતો હતો, ધર્મ ધુરંધર ધોરી, મહાવિદેહ ક્ષેત્રમાં ધોરી તીર્થંકરો વિચરે છે, તે શું બધા સમકિતી છે ન્યાં? ત્યાં પણ મિથ્યાદૃષ્ટિના ઢગલા પડ્યા છે. અહીં તો હજી સાતમી નરકના જાનારા પણ નથી, ત્યાં તો અત્યારે સાતમી નરકે જાનારા છે. જેમ કેવળ પામીને જનારા છે (એમ) સાતમી નરકે જનારા છે. ભાઈ! એ તો એની સ્વતંત્રતા બતાવે છે. અહીં સાતમી નરકે જાનારા નથી તેમ ચાર જ્ઞાન કે કેવળજ્ઞાન થાય એવી શક્તિ પણ નથી. આહાહા..!

**'જ્યાં આત્મા છે ત્યાં તેના સર્વ ગુણ છે.'** અહીં શું કહે છે? ભાઈ! જેટલા ગુણ છે એ તારા આત્મામાં જ છે. ક્યાંય બહાર શોધવા જાવા પડે એવું નથી. જેટલા જેટલા પ્રશંસા કરવા લાયક, અચ્છાઈ, સારાઈ, ભલાઈ, પવિત્રતા જેટલું કાંઈ કહેવામાં આવે એ બધા ગુણો ભગવાન તારા આત્મામાં છે, ભાઈ! એ નથી સંયોગમાં, નથી કર્મમાં, નથી દયા-દાનના વિકલ્પમાં, નથી એક સમયની પર્યાયમાં બધા ગુણ આવી જતા. ત્રિકાળ, ત્રિકાળ..

**'કેવળી ભગવાન એમ કહે છે.'** લ્યો! 'યોગીન્દ્રદેવ'ને એમ કહેવું પડ્યું. ભગવાન પરમાત્મા જેને અનંત ચક્ષુ છે ને, ભાઈ! એ તો પરમાત્મા કેવળજ્ઞાની છે, જેને અનંત ચક્ષુ છે. એ અનંત ચક્ષુ અસંખ્ય પ્રદેશે ખીલી ગયા છે, એ ભગવાન એમ કહે છે, જ્યાં જ્યાં આત્મા ત્યાં ત્યાં અનંતા પવિત્ર ગુણ, જ્યાં જ્યાં અનંત પવિત્ર ગુણ તે આત્મા. કહો, સમજાણું આમાં? 'યોગીન્દ્રદેવ'ને ભગવાનને નાખવા પડ્યા. આવા અનંતા ગુણો, ભાઈ! તું એમ કહે કે, આ આત્મા છે કે નહિ? તો પછી જેટલા સારા સારા સારા ગુણો કહેવામાં આવે, જેટલી સ્વચ્છતા, નિર્મળતા, પવિત્રતાની ઉગ્રતા જે કંઈ કહેવામાં આવે છે એ બધું તારા આત્મામાં વસ્યા છે,

પ્રભુ! શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, આનંદ, સ્વચ્છતા, પરમેશ્વરતા, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ, ભાવ, અભાવ, ભાવઅભાવ, અભાવભાવ, ભાવભાવ, અભાવઅભાવ એવા અનંતા ગુણો. જ્યાં આત્મા ત્યાં અનંતા ગુણો વ્યાપકપણે ઠસોઠસ ભર્યા છે.

**'આ કારણે યોગીઓ નિશ્ચયથી નિર્મળ આત્માનો અનુભવ કરે છે.'** લ્યો! આ કારણે ભગવાનઆત્મા પૂર્ણ પવિત્રતાનો પિંડ પ્રભુ, એનો જ અનુભવ સંતો કરે છે. સમજાણું? અનુભવ કરે છે, જોયું? **'નિશ્ચયથી નિર્મળ આત્માનો અનુભવ કરે છે.'** 'विमलु', 'विमलु अप्पा मुणंति' 'विमलु'. નિર્મળને જ અનુભવે છે. 'मुणंति'નો અર્થ અનુભવે છે, હોં! એકલું જાણવું જાણવું એમ નહિ. જાણવાનો અર્થ જ અનુભવવું. એને જાણવું કહેવાય છે. ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ સ્વરૂપ, એની સન્મુખ થઈને, પરથી વિમુખ થઈને અનુભવે છે, કારણ કે તેમાં અનંતા ગુણ છે. એકને અનુભવતાં અનંતા ગુણનો અનુભવ એમાં આવી જાય છે, એમ કહે છે. એક ભગવાનઆત્માને અંતર દ્દષ્ટિએ અનુભવતાં ભગવાનમાં રહેલા બધા ગુણો અનુભવમાં આવી જાય છે. આહાહા..!

જુઓ! આ મોટી તકરારો અત્યારે ચાલે છે. સ્વરૂપાચરણ અત્યારે ચોથે ગુણસ્થાને ન હોય. અરે..! ભગવાન! ચારિત્રના ગુણનો અંશ ન આવે તો એ દ્રવ્ય પરિણમ્યું ક્યાંથી? આનંદનો અંશ ન આવે તો એ અનંત આનંદને ધરનારું દ્રવ્ય એ દ્દષ્ટિમાંપ્રતીતમાં આવ્યું ક્યાંથી? આહાહા..! સમ્યગ્દર્શન કોઈ એવી ચીજ છે કે સર્વ ગુણના અંશને પ્રગટ કરીને પરિણમે છે. સમજાણું કાંઈ? 'સર્વ ગુણાંશ તે સમકિત'. છે ને આપણે અહીં? ચાકળો નાખ્યો છે, 'સર્વ ગુણાંશ તે સમકિત'. સર્વ ગુણમાં જેટલા અનંતા ગુણો ભગવાનઆત્મામાં ભગવાને જોયા એમાં સમ્યગ્દર્શનમાં બધા ગુણોનો એક અંશ વ્યક્તપણે, પ્રગટપણે-પ્રગટપણે અનુભવાય છે. સમજાણું કાંઈ? આહાહા..! શક્તિપણે તો છે, એમાં શું પણ? તેથી કહ્યું ને, અનુભવે છે. અનુભવ તો પર્યાયમાં છે ને? દ્રવ્યનો અનુભવ ન હોય, દ્રવ્ય-ગુણનો અનુભવ ન હોય, દ્રવ્ય-ગુણનું જ્ઞાન હોય. અનુભવ પર્યાયનો હોય, પર્યાયનો હોય. પર્યાયમાંઅવસ્થામાં દ્રવ્ય શું છે એવું લક્ષ કરીને પર્યાયને અનુભવે છે તે આત્માને અનુભવે છે એમ કહેવામાં આવે છે.

**'શુદ્ધાત્માનું જ્યાં શ્રદ્ધાન છે, જ્ઞાન છે અને તેનું જ ધ્યાન છે અર્થાત્ જ્યાં શુદ્ધાત્માનો અનુભવ છે, ઉપયોગ પાંચ ઇન્દ્રિય અને મનના વિષયોથી ખસીને એક નિર્મળ આત્મામાં જ તન્મય છે ત્યાં જ યથાર્થ મોક્ષમાર્ગ છે. જ્યાં આત્માનું ગ્રહણ થઈ ગયું ત્યાં આત્માના સર્વ ગુણોનું ગ્રહણ થઈ ગયું...'** બરાબર છે? **'કેમકે દ્રવ્યના સર્વ ગુણ તેની અંદર જ રહે છે.'** ભગવાન પરિપૂર્ણ દ્રવ્યની જ્યાં અનુભવદષ્ટિ થઈ તો દ્રવ્યમાં અનંત ગુણ રહે છે તો અનંત ગુણ પણ તેમાં આવી ગયા. **'સાકરને ગ્રહણ કરવાથી તેના સર્વ ગુણોનું ગ્રહણ પણ થઈ જ જાય છે.'** બરાબર છે? સાકરનો ગાંગડો હાથમાં લીધો તો સાકરના જેટલા ગુણો છે એ બધા આવી જાય છે.

કેરીને ગ્રહણ કરવાથી, બીજો દાખલો આપ્યો છે, ભાઈ! કેરી. કેરીને ગ્રહણ કરવાથી કેરીના સ્પર્શ ગુણ આદિ ગ્રહણ થઈ જાય છે. એવી જ રીતે આત્માને ગ્રહણ કરવાથી આત્માના સર્વ ગુણો ગ્રહણ થઈ જાય છે, કોઈ ગુણ બાકી રહેતો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

***



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ–૨૪૧ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૧૬–૫–૧૯૮૩, પ્રવચન નં. 103 (વિષય : માર્ગદર્શન)**

**શુભરાગની મીઠાશ જીવને મારી નાખે છે અને પરસત્તાવલંબી જ્ઞાનની મીઠાશ પણ જીવને મારી નાખે છે. ૨૪૧.**

(૭:૩૦ મિનિટથી) ૨૪૧. '**શુભરાગની મીઠાશ જીવને મારી નાખે છે અને પરસત્તાવલંબી જ્ઞાનની મીઠાશ પણ જીવને મારી નાખે છે.**' બે વાત કરી છે. જીવના જે પરિણામ છે એ પરિણામમાં જીવ હઠથી પણ પર વિષયોનો ત્યાગ કરી શકે છે. શું બને છે જગતમાં? કે જગતની અંદર મનોહર વિષયો છે, પાંચ ઇન્દ્રિયોને સુહાતા વિષયો છે એનો ત્યાગ તો જીવ હઠથી પણ કરી શકે છે. પણ અંદરમાં એ પ્રકારના પરિણામ કરતા જે શુભભાવ થાય છે એની મીઠાશ એને રહી જાય છે. અને એ એને મારી નાખે છે એમ કહે છે. '**શુભરાગની મીઠાશ જીવને મારી નાખે છે...**' આમ કહે છે. ફસાય જાય છે જીવ.

જે એનું શુદ્ધાત્મ સ્વરૂપ છે, વીતરાગ સ્વરૂપ છે એની વીતરાગી પરિણતિ ઊભી કરવા માટે શુભાશુભ પરિણામનો છેદ કરવો જોઈએ. એ છેદ કરવાને બદલે અશુભને છોડીને શુભમાં લીન થાય છે, શુભની મીઠાશમાં રોકાય છે એ એને મારી નાખે છે એટલે એને વીતરાગતામાં આવવા દેતો નથી. એ અપસિદ્ધાંત છે કે અશુભ છોડીને શુભ કરતાં કરતાં શુદ્ધતા થશે. એ અપસિદ્ધાંત છે. અપસિદ્ધાંત એટલે વિરુદ્ધ સિદ્ધાંત છે—ઊલટો સિદ્ધાંત છે. રાગ કરતાં કરતાં વીતરાગતા થાય એવું કદી બને નહિ. 'શ્રીમદ્જી' લખે છે કે લોહીથી લોહીનો ડાઘ જતો નથી. લોહીથી લોહીનો ડાઘ ન જાય. પાણીથી લોહીનો ડાઘ જાય, એ પણ નિર્મળ પાણીથી, એમ કહેવું છે.

તો કહે છે કે '**શુભરાગની મીઠાશ જીવને મારી નાખે છે...**' બહુભાગ જીવો ધર્મના ક્ષેત્રમાં આવતા અશુભ છોડી અને શુભપ્રવૃત્તિમાં સહજપણે જ પ્રવર્તે છે. બીજો ઉપાય નથી. અશુભ છોડવું જોઈએ અને શુભમાં આવવું થાય એવી તો એક સાધારણ પ્રક્રિયા બને જ છે, શુદ્ધતા ઉત્પન્ન થયા પહેલા પણ. છતાં પણ એ શુદ્ધતા તે જીવોને ઉત્પન્ન થાય છે કે જે જીવોને એ શુભની મીઠાશ ન રહે તેને. જે જીવોને એ શુભરાગની મીઠાશ રહી જાય છે એને વીતરાગતા અને શુદ્ધતાની ઉત્પત્તિ થઈ શકતી નથી. આમ છે. કેમકે એણે ત્યાં શુભની કિંમત કરી અને શુદ્ધની કિંમત કરી નહિ.

'ગુરુદેવશ્રી' એક દૃષ્ટાંત આપતા કે જેમ કોઈ બાજરાનું મોટુ ડુંડું થાય એવું રાડું હોય. આ ઊગે ને? સીધેસીધું સાંઠાની જેમ ઊગે છે, ઉપર એનું ડુંડું જામે. મોટું ઝાડું દોથા જેવું બાજરાનું ડુંડુ હોય, વજનમાં એનો પાંચસો ગ્રામ અંદર બાજરો ભરેલો હોય એવું મોટુ ડુંડું હોય. આ બબ્બે વેંતના ડુંડા થાય છે. તો એને સાવ પાતળી સળી જેવો છોડ ન હોય એનો. એનો પાતળો સળી જેવો છોડ ન હોય. એ માથોડું ઊંચું હોય એના ઉપર એ ડુંડું ઊભું હોય તો એને ટકનાર, એની નીચે જે

રાડું છે એ પણ મોટું ઝાડું હોય છે. રાડું એને કહે છે. સાંઠો હોય છે. એમ સબળમાં સબળ પુણ્યના પરિણામ થાય એને ઉપર જઈને એ જે શુદ્ધતાના પરિણામરૂપી ફળ આવે છે, તોપણ જેને એ બાજરાની મીઠાશ જોઈએ છે એને ખડની કિંમત નથી. ભરોટાબંધ ખડ થાય, ભરોટાબંધ ખડ થાય. ઉદાર માણસ હોય, શ્રીમંત માણસ હોય એ એમ કહે કે પાંજરાપોળમાં મોકલી દયો. એ ખડના મારે પૈસા ઊપજાવવા નથી. મારે ત્યાં ધનધાન્ય એટલું પાકે છે, પુણ્યને કારણે એટલો પાક છે કે આની વખારો ભરાય છે અને એના હું દાન દઉં છું. ખાતા-પીતા વધે, કરવું શું? એને દાનમાં દઉં છું તો પછી આ ખડના ભરોટાને સાચવીને મારે શું કરવું છે? મોકલી દ્યો. એની નજર ખડ ઉપર હોતી નથી.

એમ જે શુદ્ધતામાં કેવળજ્ઞાનના અને સિદ્ધપદના પાક પાકવાના છે એવા માર્ગે ચાલનાર મોક્ષમાર્ગી જીવને વ્યવહારરત્નત્રયના કારણે ઊંચામાં ઊંચા શુભરાગના નિમિત્તે ઊંચા પુણ્યના કર્મના દળિયા બંધાય એ બંધનની સામે એ અપેક્ષા રાખીને જોવે તો એ મોક્ષમાર્ગી નહિ.

જેમ કોઈ શ્રીમંત હોવા છતાં ખડના ભરોટાને સાચવે તો એ શ્રીમંતાઈ નહિ એની. આટલું આટલું અનાજ પાકવા છતાં એ લોભ કરીને ખડને સાચવે તો એની શ્રીમંતાઈ નહિ. એમ અહીંયાં એમ કહે છે કે વીતરાગતાની જે કિંમત છે એની પાસે રાગની શું કિંમત છે? ઊંચામાં ઊંચા વ્યવહારના રાગની પણ એમાં કોઈ કિંમત નથી. એ પરિસ્થિતિ મોક્ષમાર્ગી જીવની હોય છે. એ મોક્ષમાર્ગી જીવની વાસ્તવિક સ્થિતિ છે. એને અહીંયાં પ્રદર્શિત કરે છે.

**'શુભરાગની મીઠાશ જીવને મારી નાખે છે...'** એમાં એ રોકાઈ જાય છે, આગળ વધતો નથી, વીતરાગતા ઉત્પન્ન કરી શકતો નથી. એથી આગળ ચાલીને એમ કહે છે, **'પરસત્તાઅવલંબીજ્ઞાનની મીઠાશ પણ જીવને મારી નાખે છે.'** પરસત્તાઅવલંબી જ્ઞાન (અર્થાત્) બીજા પદાર્થને લક્ષમાં રાખીને, બીજા પદાર્થને અવલંબીને ઉત્પન્ન થયેલું જ્ઞાન, વાંચી-વાંચીને થયેલું જ્ઞાન, સાંભળી-સાંભળીને થયેલું જ્ઞાન. અથવા આત્માને અવલંબને જે જ્ઞાન ઉત્પન્ન થવું જોઈએ, જ્ઞાન ભંડારના અવલંબને જ્ઞાનમાંથી જ્ઞાન આવવું જોઈએ એના બદલે પર બાજુ, એને છોડીને અન્ય દ્રવ્ય અને અન્ય ભાવમાં ખેંચાઈને જે જ્ઞાન ઉત્પન્ન થાય અને એ જ્ઞાન એને સારું લાગે, મીઠું લાગે કે, વાહ! મને ઘણું જ્ઞાન થયું, એ જ્ઞાન પણ જીવને મારી નાખે છે.

આ વિદ્વાનોને ચેતાવ્યા છે. ધર્મના ક્ષેત્રમાં બે પ્રકારની પ્રક્રિયાવાળા જીવો છે. જ્ઞાનની ક્રિયાવાળા અને શુભરાગની ક્રિયાવાળા. બે પ્રકારના પરિણામ ક્રિયાવાળા જીવોની સ્થિતિ જોઈને આ વાત કરી છે કે જે શુભરાગની ક્રિયા કરવાવાળા જીવો છે અને શુભરાગની મીઠાશમાં છે એ પણ મરેલા છે, મરી ગયા, એના જન્મ-મરણ નહિ મટે. અને જ્ઞાનની ક્રિયામાં પડેલા શુદ્ધ અંતરસત્તાને અવલંબીને જ્ઞાન કરવાને બદલે એને છોડીને બહારમાં શાસ્ત્ર અને બીજા પુસ્તકોને સાંભળીને અને એ પ્રકારે જે જ્ઞાનનો વિકાસ થયેલો માને છે, ઘણું જ્ઞાન પ્રાપ્ત કર્યું એમ માને છે અને એની એને મીઠાશ છે. ઘણા જીવોને ઘણા શબ્દભંડોળ હોય એની પાસે. એક વાત કરવા માટે અનેક શબ્દોથી એ વાતને વ્યક્ત કરી શકે. કોઈ શૈલી હોય એવી ભાષાની, એ પ્રકારે એ પોતાના જ્ઞાનને અનુરૂપ બીજી બહારની વાણી આદિનો પણ યોગ હોય. પછી એવી મીઠાશ થઈ જાય.. એવી મીઠાશ થઈ જાય... કે વાહ! આ જ સર્વસ્વ છે જાણે. એને અંતર્મુખ વળવાનો અવસર આવતો નથી.

એક જગ્યાએ બોલ છે, આગળ-પાછળનો ખ્યાલ નથી. આવી ગયો હોય તો તમારે ખ્યાલમાં. જેને ક્ષયોપશમ જ્ઞાનના અથવા ઇન્દ્રિયજ્ઞાનના રસ પડ્યા છે તેને અતીન્દ્રિય જ્ઞાનનો રસ ચડશે નહિ. એવી એક વાત આમાં છે 'પરમાગમસાર'માં. એટલે મન અને બુદ્ધિથી ભલે એ ચારેય અનુયોગના વિષયનું અધ્યયન કરીને જ્ઞાનના ઉઘાડમાં એ ઉઘાડના રસમાં ચડી જાય એને એ ઇન્દ્રિયજ્ઞાનનો રસ છે એમ કહે છે. એને પરસત્તાવલંબી જ્ઞાનની મીઠાશ છે એમ કહો કે એને ઇન્દ્રિયજ્ઞાનનો રસ છે. એને અતીન્દ્રિય

જ્ઞાની એવો આત્મા એને રુચ્યો નથી. એને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપી આત્મા રુચ્યો નથી અને અતીન્દ્રિય જ્ઞાનની એને મીઠાશ લેવી છે એ વાત એને રહી નથી. વિરુદ્ધપક્ષમાં એ ઊભો છે એમ કહેવું છે. વિરોધપક્ષમાં એ ઊભો છે. ઇન્દ્રિયજ્ઞાનની મીઠાશવાળો જીવ વિરોધપક્ષમાં ઊભો છે. આત્માથી વિરોધપક્ષમાં છે ઇન્દ્રિયજ્ઞાનની મીઠાશ, ક્ષયોપશજ્ઞાનની મીઠાશ. એ સૌથી વધારે ફસાવાનું કારણ છે. કેમકે એનો વિષય પાછા શાસ્ત્ર હોય. જોકે પંડિતોનો સંસાર જ શાસ્ત્ર છે, પંડિતોનો સંસાર શાસ્ત્ર છે. એ શાસ્ત્રમાં આવે છે, હોં પાછું, આ વાત પણ શાસ્ત્રમાં જ આવે છે. 'ટોડરમલજી'એ લીધું છે શરૂઆતમાં કે પંડિતોનો સંસાર છે તે શાસ્ત્ર છે. કેમ એમ કહ્યું ?

જે પરસત્તાવલંબી જ્ઞાનથી સંસારનું પરિભ્રમણ ચાલુ રહે છે એવું જ પરસત્તાવલંબી જ્ઞાન એણે ચાલુ ને ચાલુ એની મીઠાશમાં રોકાઈને રાખ્યું છે. અને તેથી એને પરતન્મયતા અને પરસન્મુખતા ટળતી નથી. અને સ્વસન્મુખતા એને થતી નથી. આ પરિસ્થિતિ ઊભી થાય છે. એ જીવને મારી નાખે છે એટલે ભાવમરણ અને દ્રવ્યમરણનું એ કારણ થાય છે. તેથી ઊંધી દિશામાં એ વિષયને કિંમત આપીને જરાય આગળ વધવા જેવું નથી. હવે બોલો ભાઈ! આપણે સાતમાંથી છ દિવસ કરવા કે ન કરવા? કરવા જોઈએ કે ન કરવા જોઈએ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બીજા ધ્વનિની અપેક્ષાએ છે. શું? ક્રોસ આર્ગ્યુમેન્ટ છે આ.

ભગવાનની જે દિવ્યધ્વનિ છે એ એવી છે કે સાંભળનારા શ્રોતાઓને, ધર્મીને પણ એમ લાગે છે કે જાણે ભગવાન અમારા કાનમાં અમૃત રેડે છે. અમૃતની ધાર કરે છે એમ લાગે છે. પણ એ લાગવાનું કારણ બીજું છે. અંદરમાં જે આનંદ અમૃત છે ને, એનું લક્ષ થાય છે. અને એ અંતર લક્ષમાં એ વિકાસ કરે છે એટલે એના ઉપર આરોપ જાય છે. ભગવાનની જે વાણીમાં પુણ્ય અતિશય છે, મીઠાશ છે, અવાજની મીઠાશ જરૂર છે, અસાધારણ છે. અતિશય છે. જગતના કોઈ સ્વરમાં એવી કોઈ મીઠાશ હોતી નથી. ભલે સંગીતના સ્વર, લોકો સુસ્વર કહીને એની મીઠાશ માણતા હોય અને કર્કશ દુસ્વરને કડવો ગણવામાં આવતો હોય તોપણ ભગવાનની જે વાણી છે એની મીઠાશ અલૌકિક મીઠાશ છે. એવું હોવા છતાં પણ જે જીવો શુદ્ધોપયોગમાં ડૂબે છે, ત્યાં સમવસરણમાં પણ ડૂબે છે, હોં! સમવસરણમાં લાખો જીવો વારંવાર સ્વરૂપમાં ડૂબે છે, એ મીઠાશને છોડીને કે રાખીને? ધીમી ધાર છે. અમૃતની ધાર છે એને છોડી દે છે કે નહિ? તો એથી પણ વધારે અમૃતમય જે એવું અંદરનું આનંદનું પરિણમન છે એ ખરેખર અમૃત છે. એમાં લીન થવામાં એ ભગવાનની વાણીને સાંભળવાનો એટલો કાળ છોડી દે છે, ઉપયોગ છૂટી જાય છે, એ સાંભળવાનો ઉપયોગ ત્યાં હોતો નથી. પણ ભગવાન સામે બેઠા છે, સંભળાવી રહ્યા છે અને તું ઉપયોગ ન દે? એ તો અવિવેક નહિ કહેવાય? કે ભગવાન, વાણીમાં એમ કહે છે કે તું અંદરમાં લીન થા. એ ભગવાનની આજ્ઞા પાળી એ જ ભગવાનનો વિવેક છે. એમાં વાણી સાંભળવી એ તો એની પાસે અવિવેક છે. વિવેક નથી પણ અવિવેક છે. કેમકે પરસન્મુખ રહ્યો, સ્વસન્મુખ ન થયો તો આજ્ઞા માની નહિ. એમ થઈ ગયું. અટપટું લાગે જરા. એકદમ સીધું છે. સીધું છે શું એકદમ સીધું છે. અંતર્મુખ થવું એમાં આડું શું? એમાં તો બીજી કોઈ આડશ જ નથી. એકલું અંતર્મુખ થવું એ તો એકાંતે સત્યનું આરાધન છે, સત્યસ્વરૂપનું આરાધન છે, એકાંતે એ વીતરાગ માર્ગ છે, એ સિવાય બીજો કોઈ માર્ગ છે નહિ.

**'શુભરાગની મીઠાશ જીવને મારી નાખે છે અને પરસત્તાવલંબી જ્ઞાનની મીઠાશ પણ જીવને મારી નાખે છે.'** આ વિષય જ્યારે આપણે વિશેષપણે જ્ઞાનની પ્રક્રિયામાં ઊભા છીએ ત્યારે વિશેષપણે વિચારવા યોગ્ય છે. આપણે ત્યાં જે ચાલે છે એ વિષય સ્વાધ્યાયની પ્રક્રિયાનો વિષય છે. વિશેષ વિષય ચાલે છે. અને એમાં સાંભળવું અને વાંચવું, ચર્ચા આદિ કરવી એમ બે-ત્રણ

પ્રકારે એની પ્રવૃત્તિ ચાલે છે. પણ એની અંદર આ વાત ધ્યાન ખેંચવા જેવી છે કે એ સર્વ પ્રવૃત્તિનો ઉદય ચાલતો હોય તોપણ લક્ષમાંથી એ વાત ખસવી ન જોઈએ કે આ પરસત્તાવલંબી જ્ઞાન છે એની કિંમત નથી, એની કિંમત આપવા જેવી નથી અને એમાં કાંઈ ઉઘાડનો વિકાસ થાય તો એની મીઠાશ વેદવા જેવી નથી. આમ છે.

મુમુક્ષુ :- આ બધી વાત તો પડી છે આમાં. બહુ આકરી વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- આકરી તો ભાઈ જ્યાં સુધી એને ન ઘૂંટે ત્યાં સુધી એકડો પણ આકરો હતો. એકડો પણ આકરો હતો, ક્યાં સુધી? કે જ્યાં સુધી ઘૂંટતો નહોતો ત્યાં સુધી. હતો કે નહિ આકરો? અત્યારે કોઈ કહે છે કે એકડો આકરો છે, શીખવો, એમ? કે નહિ.

મુમુક્ષુ :- અહીંયાં પરસત્તાવલંબી જ્ઞાન જે કીધું ને એ...

પૂજ્ય ભાઈશ્રી :- આ બધું શાસ્ત્ર જ્ઞાન છે, શાસ્ત્રના અવલંબે જેટલો ઉઘાડ અને વિકાસ થાય છે જ્ઞાનનો એ બધું પરસત્તાવલંબી જ્ઞાન છે. મિથ્યાદષ્ટિ જીવને એની મીઠાશ આવે છે.

મુમુક્ષુ :- મીઠાશ તો ઓર આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ એને મારી નાખે છે. સમ્યગ્દષ્ટિ જીવને અંગ પૂર્વનો ઉઘાડ થાય. ગણધરદેવને એટલો બધો ઉઘાડ હોય કે અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરે. ચારેય અનુયોગ આવી જાય એમાં. બાર અંગ એટલે? લખ્યા લખાય નહિ. લખવા બેસે તો લખવામાં પૂરું પડે નહિ. એટલો ક્ષયોપશમ એમનો અંતર્મુહૂર્તમાં એટલો વિકાસ થાય. એટલા ભેદ પ્રભેદમાં ઉપયોગ ફરી વળે. છતાં મોક્ષમાર્ગી જીવને એવા પરસત્તાવલંબી જ્ઞાનની મીઠાશ આવતી નથી.

એટલું તો નહિ, 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં એ વાત કરી કે કોઈ મોક્ષમાર્ગી જીવ પરસત્તાવલંબી જ્ઞાનને મોક્ષમાર્ગ કહે નહિ. લ્યો ઠીક! પણ ગણધરદેવ શાસ્ત્ર રચે છે ને? કે એને મોક્ષમાર્ગ કહેતા નથી. જે સ્વસત્તાવલંબી જ્ઞાન છે એને જ મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. એ રીતે એ વિષયને વિશેષપણે વિચારવા જેવો છે.

## બોલ–૨૪૪, પ્રવચન, તા. ૧૮–૫–૧૯૮૩, પ્રવચન નં. ૧૦૫

**હે ભગવાન! આપે જે ચૈતન્યનો ભંડાર ખોલી દીધો છે તેની પાસે કોણ એવો હોય કે જેને ચક્રવર્તીનો વૈભવ પણ તરણા જેવો ન લાગે? અહા! અંતર અવલોકનમાં અમૃતરસ ઝરે છે અને બહારના અવલોકનમાં તો ઝેર અનુભવાય છે. ૨૪૪.**

(૨૯:૧૦ મિનિટથી). ૨૪૪. કાલે થોડું ચાલ્યું છે આમાંથી. ચાલુ બોલ હતો એ પૂરો થયો.

'હે ભગવાન ! આપે જે ચૈતન્યનો ભંડાર ખોલી દીધો છે તેની પાસે કોણ એવો હોય કે જેને ચક્રવર્તીનો વૈભવ પણ તરણા જેવો ન લાગે? અહા! અંતર અવોકનમાં અમૃતરસ ઝરે છે અને બહારના અવલોકનમાં તો ઝેર અનુભવાય છે.' બહુ ભાવવાહી વચનો નીકળ્યા છે 'ગુરુદેવશ્રી'ના. જે

૨૩૮મો બોલ છે એ હવે અનેક જગ્યાએ લાગુ પડશે. કિંમત કરવાની વાત છે. ૨૩૮મો બોલ છે ને, એ બધે લાગુ પડે છે. ૨૩૯માં જુઓ તો વિચિક્ષણતામાં પણ કિંમત કરે આત્માની અને જડની કિંમત કાઢે તે વિચિક્ષણતા. 'ધન રળવાનો કાળ એ મરવાનો કાળ છે.' એમાં એને ધનની કિંમત કાઢી. કિંમતનો બોલ છે ને.

... એને પોતાનું મૂલ્ય થાય કે આ આત્મા સર્વોત્કૃષ્ટ સ્વરૂપ છે. સર્વોત્કૃષ્ટ શાંત જિન છે એવું જ આ આત્માનું શાંત સ્વરૂપ છે. સર્વોત્કૃષ્ટ સ્વરૂપ છે. પરમ શાંત... શાંત... શાંત છે. ત્રણ લોકનો નાથ પોતે જ છે. ચક્રવર્તી તો છ ખંડના ધણી છે. એ પણ મર્યાદિત કાળ માટે છે આયુષ્ય પર્યંત. પણ અહીં તો સાદિઅનંત કાળ. અનાદિ-અનંત, સ્વરૂપે તો અનાદિ અનંત ત્રણ લોકનો નાથ છે. અને અવસ્થા પરમેશ્વરની થાય ત્યારે સાદિઅનંત કાળ રહે છે એની કિંમત કેટલી? કે એની કિંમત આ જગતમાં કોઈ પદાર્થથી ઓછી છે એમ આંકે ત્યાં એ પોતાનું જ ખૂન કરે છે.

**'હે ભગવાન! આપે જે ચૈતન્યનો ભંડાર ખોલી દીધો છે...'** વૈભવશાળી ચૈતન્યના ગુણોનો વૈભવ છે એ ભંડાર આપે ઉપભોગ કરવા માટે ખોલી દીધો. મિથ્યાત્વનું તાળુ ખોલ્યું. જ્યાં સુધી મિથ્યાત્વ હોય છે ત્યાં સુધી પોતે પોતાના ગુણવૈભવને ભોગવી શકતો નથી. મોટો એક એવો અવગુણ છે. આવી ચોખ્ખી લાઈનદોરી જૈનદર્શનમાં છે કે આ એક દરવાજો ખુલે, આ એક મિથ્યાત્વનું તાળુ ખુલે તો અંદરમાં અનંત ગુણનો ભંડાર ખુલી જાય છે. એક એક ગુણ કેવો પણ?

બહારમાં લૌકિક સદ્‌ગુણમાં પણ લોકો વખાણ કરીને મારી નાખે છે. આ માન ચડી જાય છે એટલે મારી નાખે છે. જુઓ! કેટલા ઉદાર છે, નેકદિલ છે, ઉદારદિલ છે. રાજા જેવા છે. દાન કોઈ આપનાર હોય તો એને રાજા જેવું દિલ છે, ફલાણું છે, ઢીંકણું છે એમ કહે. કોઈ ક્રોધ ન કરે, પોતાનો વિરોધ કરનાર પ્રત્યે ક્રોધ ન કરે, ક્ષમા રાખે, પ્રતિકૂળતા આપનાર પ્રત્યે ક્ષમા રાખે. જુઓ! કેટલી શાંતિ છે. ચોખ્ખે ચોખ્ખી આટલી પ્રતિકૂળતા આપી છે પણ જરાય એના પ્રત્યે દ્વેષ કરતા નથી.

દ્રવ્યલિંગી મુનિ એવા હોય છે. ચામડી ઉતરડીને ખાર છાંટે, બળતરા થાય અને છતાં જરાપણ મુખની રેખા ફરે નહિ એવી શાંતિ રાખે. એવા શુભભાવ કરે. દયાના, દાનના, ક્ષમાના. જૈનદર્શનમાં એને ગુણ નથી કહ્યો. લૌકિકમાં જેને ગુણ કહે છે એને ગુણ કહેતા નથી. શુભ પરિણામને અવગુણ કહ્યો છે, તો એની કેવી ઉત્કૃષ્ટ શાને એણે ગુણ કહ્યો હશે? આ વિચિક્ષણતામાં વિચારવા યોગ્ય વિષય છે.

જો કોઈ જીવ વિચિક્ષણ હોય તો એટલું વિચારે કે અરે..! લોકો જેને એકાંતે ગુણ કહે એને જે જૈનદર્શન અવગુણ કહે તો એ ગુણ કોને કહે છે? હમને દોષ કભી કિયા હી નહીં. આવે છે? દસલક્ષણી પર્વમાં આપણે મિચ્છામી દુક્કડમ કરીએ છીએ ને? પર્યુષણ પૂરા થાય એટલે મિચ્છામી દુક્કડમ કરવાનો વ્યવહાર છે. ક્ષમા માગવાનો વ્યવહાર છે કે તમારા પ્રત્યે અત્યાર સુધી કાંઈપણ દોષિત પરિણામ કર્યા હોય તો એની હું ક્ષમા માગું છું. કહે છે કે અમે દોષિત પરિણામ કર્યા જ નથી ને. દોષ હમને કભી કિયા હી નહીં. ક્ષમા આદિ દોષ.. એમ કરીને વાત લખી લે છે. ક્ષમાનો ભાવ, બીજાની ક્ષમા માગવાનો ભાવ એવો જે દોષ. એમ. એ નિર્દોષ ક્ષમા પાસે એને દોષ ગણવામાં આવે છે. વીતરાગી જે ક્ષમા છે જ્ઞાતા-દૃષ્ટા પરિણામ એની પાસે ક્ષમા માગવાનો શુભભાવ એ દોષ છે. પછી એ કરવો એ પ્રશ્ન તો નીચેના પરિણામની અપેક્ષાએ કહેવામાં આવે છે. ઉપરના પરિણામની વીતરાગી પરિણામની અપેક્ષાએ એવો દોષ કરવાનું વિધાન છે નહિ. આમ છે.

મિચ્છામી દુક્કડમ કરવાવાળાને ખબર નથી કે આ શું છે. રૂઢીગત એવું થઈ ગયું છે કે મિચ્છામી દુક્કડમ કહે ત્યારે એના અંદરમાં હૃદય પલટો ન હોય અને પછી તો

હોવાનો સવાલ રહેતો નથી. એ વ્યવહાર તો એટલા માટે છે કે હૃદય પલટો કરી નાખવાની વાત છે. અત્યાર સુધી કોઈ અભિપ્રાયને વશ તમારા પ્રત્યે કોઈ દોષિત પરિણામ થતાં હોય તો એ હવેથી હું મટાડવા માગું છું. પણ અભિપ્રાય દ્વેષનો રાખે અને ઉપરથી મિચ્છામી દુક્કડમ કરે, તો ત્યારે અને ત્યારપછી એના પરિણામમાં કાંઈ ફેર પડ્યો નથી. વ્યવહાર તરીકે વ્યવહાર ઘણો સારો અને ઉચિત વ્યવહાર છે. કોની અપેક્ષાએ? કે એવો વ્યવહાર જે સંપ્રદાય અને જે સમાજમાં નથી તેની અપેક્ષાએ. પણ એટલામાં બધું ... આવી જતું નથી. જૈનપણું એટલામાં પૂરું નથી થતું.

પહેલાવહેલા તો એ સારુ બહુ લાગ્યું હતું. જ્યારે આ વિષય જ હાથમાં નહોતો. ત્યારે અમારી સાથે એક અમારા એક કલિગ હતા. જૈન હતા. દેરાવાસી જૈન હતા. પહેલુંવહેલું પર્યુષણ પૂરા થઈને મિચ્છામી દુક્કડમ કર્યું. મેં કીધું, બહુ સારો વ્યવહાર છે આ લોકોનો. જૈનોનો વ્યવહાર સારો છે એમ તે દિ' લાગ્યું હતું. તે દિ' તો એમ જ વિચાર આવે ને. આપણે તો કૂળધર્મથી જૈન હતા નહિ. જૈનોનો વ્યવહાર સારો છે. વર્ષમાં એકવાર તો માફી માગી લે છે.

મુમુક્ષુ :- આમ તો છ–છ મહિને આવે. એટલે છ મહિના સુધી રેખા ન રહે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. રેખા ન રહે. પણ એ તો કાંઈ ખબર નહોતી. આ તો એક પ્રસિદ્ધ છે ને. પર્યુષણ પૂરા થાય પછી છેલ્લે સવંત્સરી પ્રતિક્રમણ કરીને અરસપરસ ક્ષમા માગે. એ પેઢી ઉપર આવ્યા. મિચ્છામી દુક્કડમ કર્યું એટલે ચોંટ લાગી થોડી. આ લોકોનો વ્યવહાર બહુ સારો છે. સરળતા હતી પહેલેથી એટલે એમ થયું કે આવું જો ગોઠ્યું હોય તો હૃદયપલટો થવાનો અવકાશ છે. કોઈપણ જીવને હૃદયપલટો કરવો હોય તો વ્યવહાર ઘણો સારો છે. પણ રૂઢી થઈ ગયા પછી એક પરિસ્થિતિ પ્રાયે નથી રહેતી એ એક બાજુ રાખીએ. તોપણ જે હેતુથી એની ગોઠવણી અને વ્યવસ્થા કરવામાં આવી છે એ તો એકદમ શુદ્ધ હેતુ છે. સુંદર હેતુ છે અને શુદ્ધ હેતુ છે એમાં તો કોઈ સવાલ નથી. પણ એ વ્યવહારની મર્યાદા વ્યવહાર પર્યંત છે. પરમાર્થની મર્યાદામાં તેનો અભાવ છે. તેથી આગળ છે. પારમાર્થિક જે ક્ષમા છે, વીતરાગી જે ક્ષમા છે એમાં તો બીજાની ક્ષમા માગવાના દુષિત પરિણામનો પણ અભાવ છે, નિષેધ છે. તેથી આગળ જઈને વીતરાગી પરિણામ કરવાનો ત્યાં ઉપદેશ આપવામાં આવ્યો છે.

મુમુક્ષુ :- ખરેખર તો નિશ્ચયના લક્ષે જ છે ને વ્યવહાર?

પૂજ્ય ભાઈશ્રી :- હા, નિશ્ચયના લક્ષે જ વ્યવહાર છે. નિશ્ચયની ખબર નથી પછી તો વ્યવહારની પણ ખબર રહી નથી. વ્યવહારે વ્યવહાર ન રહ્યો. એ પરિસ્થિતિ તો એમ જ થાય.

અહીંયાં તો વિષય ક્યાંથી ચાલે છે જીવને? કે ગુણભંડાર ખોલ્યો છે. ચૈતન્યનો જે ભંડાર ખુલ્યો છે એ ગુણભંડાર છે. આત્મા પોતે ગુણભંડાર છે. જેણે વીતરાગી દશા પ્રાપ્ત કરી તે આત્મા પોતે પ્રગટપણે ગુણભંડાર છે. આમ તો બધા આત્માઓ અંતરંગમાં ગુણભંડાર છે. પણ જેણે એ ભંડાર ખોલી નાખ્યો, ગુણ પ્રગટ કર્યા એ પ્રગટપણે ગુણભંડાર છે. તમામ સાધકો, સમ્યગ્દ્દષ્ટિઓ, મોક્ષમાર્ગીઓ, ધર્માત્માઓ એ બધા ગુણભંડાર છે એમ કહેવાય. એને અનંત ગુણો વિકસ્યા. અનંત ગુણો પ્રગટ્યા અને અનંત ગુણો એને વિકસ્યા.

મુમુક્ષુ :- ક્ષમા ત્યાં માગવા ન જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પર્યંતના તમામ જીવોને મનથી, વચનથી, કાયાથી, કરવાથી, કરાવવાથી, અનુમોદવાથી નવ કોટીએ કાંઈપણ પ્રતિકૂળતા થવાના પ્રકાર ભજ્યા હોય તે સર્વની આત્મભાવે ક્ષમા માગવાનો એ વિષય છે. આત્મભાવે. પોતાના આત્માના હિતને માટે છે ને. એમ છે.

મુમુક્ષુ :- ... પ્રતિક્રમણ કર્યા પછી માફી માગી...

પૂજ્ય ભાઈશ્રી :- વિધિની તો મને ખબર નથી ભાઈ! પણ આ તો એક ધર્માત્માને જે પોતાનો વીતરાગભાવ પ્રગટ થાય છે તેની સાથે સાથે આવો વ્યવહારનો શુભભાવ પણ પ્રગટ થાય છે. અને સર્વ કાળે એનું આ પરિણમન છે. સર્વ કાળનો એનો આ અભિપ્રાય છે કે મનથી, વચનથી અને કાયાથી કદિ કોઈ પ્રાણીને દુઃખ ન હો. મનથી, વચનથી, કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવાથી કોઈને દુઃખ ન હો. મહારાજને દોષ કહો તો જરા .. ભટ્ટારકજી હતા, મુડબિદ્રીના ભટ્ટારક. ... તો કહે છે,

મુમુક્ષુ :- ક્ષમા જ્યારે માગવાનો પ્રશ્ન થાય ત્યારે સામે કોઈપણ વ્યક્તિ હોય.. હૃદયપૂર્વક ન હોય... લાભ કોને મળે?

પૂજ્ય ભાઈશ્રી :- દરેકના પરિણામનો લાભ, પોતાના પરિણામનો લાભ કે નુકસાન પોતાને છે. કોઈથી કોઈને લાભ નથી કાંઈ. આ તો સિદ્ધાંત છે. એમાં તો કાંઈ બીજી ભૂલ પડે એવું નથી.

કહે છે કે ભગવાને ભંડાર ખોલી દીધા એટલે શું? કે જે મિથ્યાત્વનું તાળું ખુલી જાય અને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય એવો રસ્તો બતાવ્યો, એવો માર્ગ બતાવ્યો, એવો ઉપાય બતાવ્યો એટલે એણે પોતાના જ ભંડારને ખોલી દીધો. પોતાના જ ગુણભંડારને ભોગવવા માટે એને પોતાને ખુલ્લો રસ્તો અને ખુલ્લો માર્ગ થઈ ગયો, તેથી એને ગુણભંડાર ભગવાને ખોલ્યો એમ ઉપચાર કરવામાં આવે છે.

કહે છે કે **'આપે જે ચૈતન્યનો ભંડાર ખોલી દીધો છે તેની પાસે કોણ એવો હોય કે જેને ચક્રવર્તીનો વૈભવ પણ તરણા જેવો ન લાગે?'** આ મૂલ્યાંકન કરવાનો વિષય થયો. પોતાના અનંત ગુણોના ભંડારની મહત્તા, મહિમા અને કિંમત એટલી આવે છે કે ચક્રવર્તીનો વૈભવ પણ એને તુચ્છ લાગે છે. ચક્રવર્તીને પાંચ ઇન્દ્રિયોના વિષયની કોઈ કમીના નથી, પાંચ ઇન્દ્રિયના વિષયની કોઈ ખામી નથી. આહારથી માંડીને તમામ પ્રકારના વિષયો મનુષ્ય પર્યાયમાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પુણ્યધારીને હોય એ ચક્રવર્તીને છે. એ બધા તુચ્છ લાગે છે એટલે એના પ્રત્યે પોતાને વિભાવ ન થાય, એ પાંચેય ઇન્દ્રિયોના વિષય પ્રત્યેનો વિભાવ ન થાય એ પરિસ્થિતિ પોતાના શુદ્ધાત્માના ગુણભંડારના આશ્રયે જ બની શકે છે, બીજી કોઈ રીતે બની શકવા જેવું નથી. આમ છે.

જીવનો સ્વભાવ એવો છે કે એક ઊંચી ચીજ મળે તો નીચી ચીજની કિંમત એને જાય. હવે જગતના પદાર્થોની એણે જે કિંમત આંકી છે એ, જગતના પદાર્થથી ઊંચી કોઈ ચીજ એને જોવા મળે ત્યારે એની કિંમત જાય ને. ત્યાં સુધી કેમ જાય? વાત લાક્ષણિક પદ્ધતિથી છે કે હે પ્રભુ! હે ભગવાન! આપે જે અમારા આત્માનો ગુણભંડાર બતાવ્યો છે તે ગુણભંડાર એવો છે કે ચક્રવર્તીના વૈભવ પણ અમને તુચ્છ લાગે છે. ચક્રવર્તીના વૈભવ, દેવના દેવલોકના વૈભવ, દૈવીવૈભવ પણ ત્યાં તુચ્છ લાગે છે.

મુમુક્ષુ :- એવું શું છે ત્યાં મોટું?

પૂજ્ય ભાઈશ્રી :- ગુણની શાંતિ થઈ જાય છે અંદરમાં. જે બાહ્ય વૈભવના આશ્રયે જીવને અશાંતિ, દુઃખ અને આકુળતા થાય છે, વિકારનું દુઃખ થાય છે, એ અવિકારી તત્ત્વના આશ્રયે શાંતિ અને નિર્વિકાર પરિસ્થિતિ ઊભી થાય છે દશામાં એટલે એની ઉત્કૃષ્ટતા છે. અને એવો જ આત્મા છે ખરેખર.

આ ભરતાદિ ચક્રવર્તીઓ ક્ષણમાત્રમાં જેણે છ ખંડનો વૈભવ છોડી દીધો. એમાં કાંઈ આકરું નથી લાગ્યું, એમાં કાંઈ દુઃક નથી પડ્યું, અંદરની શાંતિ વધી છે. અને એ વિકલ્પરૂપ વિકારનો એણે ત્યાગ કર્યો છે, અભાવ કર્યો છે. એ કેમ થયો? સ્વાભાવિકપણે કેમ થયો? એ વિચારવા જેવો વિષય છે. એ કોઈ પરાણે દીક્ષા આપી નથી કોઈએ કે તું દીક્ષા લઈ લે. નહિતર તને છકાય જીવોની હિંસા થઈને તને જન્મ-મરણ થશે, ફલાણું થશે, આમ થશે. કોઈ ભયસ્થાન નથી બતાવ્યું. સહજ પોતાના ચૈતન્યના ગુણભંડારને મહત્તા આપતા બહારના તમામ

વિષયો સહજમાત્રમાં છોડી શકાય છે. અહીંયાં એમ કહે છે કે હે ભગવાન! એવું કોણ હોય કે એવું ન બને? કે એવું બને, બને ને બને.

હવે 'ગુરુદેવશ્રી' એમ કહે છે કે યહ એક 'પરમાગમસાર' નામકા શાસ્ત્ર બનાયા હૈ. 'ગુરુદેવશ્રી કાનજીસ્વામી' કે અનેક પરમાગમ પર જો પ્રવચન હુએ થે ઉનમેંસે વચન છાંટ છાંટ કર ૧૦૦૮ કા યહ ગ્રંથ બનાયા હૈ. તો કહે છે હવે પોતે પોતાની વાત લે છે. કે **'અહા ! અંતર અવલોકનમાં અમૃતરસ ઝરે છે... '** જુઓ! અહીંયાં અવલોકન અને અનુભવ એકાર્થમાં છે. 'દીપચંદજી' સાધર્મી જેમણે 'આત્મઅવલોકન' નામનો ગ્રંથ બનાવ્યો છે એ પણ આત્મ અનુભવના અર્થમાં બનાવ્યો છે. આખો ગ્રંથ વાંચીએ તો અવલોકન ત્યાં અનુભવના અર્થમાં લીધો છે. અવલોકન અને અનુભવ એકાર્થ વાચક છે.

અહીંયાં 'ગુરુદેવશ્રી' એમ કહે છે કે **'અહા! અંતર અવલોકનમાં અમૃતરસ ઝરે છે... '** અમારા અંતર અવલોકનમાં, અમારા અંતર અનુભવમાં અંદર આત્મામાંથી શાંત શાંત નિર્વિકારી ચૈતન્યરસ ઝરે છે. આનંદ અમૃતનો, નિર્વિકારી આનંદ અમૃતનો રસ ઝરે છે. આ એક વાક્ય કેવું આવ્યું છે! **'અહા! અંતર અવલોકનમાં અમૃતરસ ઝરે છે અને બહારના...'** અન્ય પદાર્થના અવલોકનમાં એટલે અનુભવમાં જતાં ઝેરનો અનુભવ થાય છે. જેટલા પરિણામ અંતર અનુભવમાં રહે છે, જે પરિણામ અંશ આત્માની સાથે લપેટ, અભેદ થઈને રહે છે ત્યાં અમૃતરસ ઝરે છે. શુદ્ધોપયોગ થાય છે અમને ત્યારે પણ અંદર અમૃતરસ ઝરે છે. અને વિકલ્પ ઊઠીને બહારમાં આવવાનું થાય છે ત્યારે એમાં અશાંતપણું છે. એ રાગ આત્માના ગુણને ઘાતનારા પરિણામ છે એટલે તો એને દુશ્મન કહ્યા છે. એને જીતનારને અરિને, અરિ–દુશ્મન. દુશ્મન એટલે અરિ. અરિ સંસ્કૃત શબ્દ છે. અરિ એટલે દુશ્મન. એને જીતનાર, હણનાર તે અરિહંત કહેવાયા.

એ રીતે બહારના અવલોકનમાં એટલે બહાર પરિણામ જતાં જે કાંઈ રાગાદિ અનુભવાય છે તે ઝેર સદશ્ય છે. આત્માનો નાશ કરનાર હોવાથી, એ દુઃખદાયક હોવાથી, ચૈતન્યપ્રાણના ઘાતક હોવાથી એ ઝેર જેવા અમને લાગે છે.

મુમુક્ષુ :- અશુભરાગ તો અત્યંત ઝેર જેવો લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- શુભરાગ પણ ઝેર જ છે. 'સમયસાર'માં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં એ પ્રતિક્રમણ આદિના શુભભાવને વિષકુંભ કહેવામાં આવ્યા છે. સ્પષ્ટ વિષય છે. પણ એ આત્માના આનંદ અમૃતની અપેક્ષાથી વાત છે. એ અપેક્ષા ન રહે તો એ વાત પાછી ગડબડવાળી થઈ જાય છે. અહીં સુધી રાખીએ...

***

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જુલાઈ–૨૦૨૧)નું શુલ્ક સ્વ. શ્રી ખીમજીભાઈ ગંગર, હ. લક્ષ્મીબહેન ગંગર, મુંબઈ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૧૦–A



પ્રશ્ન :– .. પણ અભેદ ગુણમય અભેદ દ્રવ્યનું પરિણમન થતાં સાથે ગુણોનું પરિણમન થાય છે. કેવળ એક એક ગુણનું જુદું પરિણમન થતું નથી.

ઉત્તર :– કોના 'ગુરુદેવ'ના વચનામૃતમાં (આવે છે)?

પ્રશ્ન :– પરંતુ અભેદગુણમય અભેદ દ્રવ્યનું પરિણાન થતાં સાથે ગુણોનું પરિણમન થાય છે. અત્યાર સુધી અમને તો એમ ખ્યાલ હતો કે પ્રત્યેક ગુણ સ્વતંત્ર છે અને સમય સમયના પરિણામ પણ સ્વતંત્ર છે. દ્રવ્યને ગુણ–પર્યાયની અપેક્ષા નથી, ગુણને દ્રવ્ય–પર્યાયની અપેક્ષા નથી તેમ જ પર્યાયને પણ દ્રવ્ય–ગુણની અપેક્ષા હોતી નથી. તો અહીંયાં જે આ કહેવામાં આવ્યું એ કૃપા કરીને સમજાવજો.

ઉત્તર :– ગુણ અને પર્યાયને એકબીજાની અપેક્ષા નથી એનો અર્થ એમ છે એને સર્વથા અપેક્ષા નથી એવો અર્થ નથી એનો. અપેક્ષા નથી એટલે એને લક્ષણભેદે–કાર્યભેદે ભેદ છે. એને સર્વથા અપેક્ષા નથી કે દ્રવ્ય–ગુણ–પર્યાય તદ્દન જુદા છે. બે તદ્દન જુદા હોય તો બે દ્રવ્ય થઈ જાય. એવી સર્વતા અપેક્ષા નથી, એવો 'ગુરુદેવ'નો આશય નહોતો કે દ્રવ્યને, ગુણને, એકબીજાને કોઈની અપેક્ષા નથી. એ અપેક્ષા નથી સર્વ અપેક્ષાએ 'ગુરુદેવ' બધી રીતે નહોતા કહેતા.

દ્રવ્યમાં ગુણ રહેલા છે. દ્રવ્યને આશ્રયે પર્યાય થાય છે. એક દ્રવ્યનું પરિણમન થતાં દરેક ગુણોનું પરિણમન થાય છે. દરેક ભલે જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમે છે, દર્શન દર્શનરૂપે, ચારિત્ર ચારિત્રરૂપે દરેકના લક્ષણ, દરેકના જે કાર્યો જુદા જુદા સ્વભાવે પરિણમે છે પણ એ કાંઈ તદ્દન જુદા નથી. કટકા હોય એવી રીતે જુદા નથી. 'ગુરુદેવ'ને કહેવાનો આશય એવો નહોતો.

એક દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકતા એક સમ્યગ્દર્શન સમ્યગ્દૃષ્ટિ થાય એટલે બધા ગુણોનું પરિણમન સમ્યક્‌રૂપે પરિણમે છે. સર્વગુણાંશ તે સમ્યગ્દર્શન. દ્રવ્યનો આશ્રય લેતાં દરેક ગુણો પોતે સ્વભાવરૂપે પરિણમે છે. જે વિભાવ તરફ જે પરિણતિ થાતી હતી જે જે ગુણોની તે બધા ગુણો સ્વભાવરૂપે પરિણમે છે. તે દરેકના કાર્ય બધાના જુદા એટલે તદ્દન કટકા છે એવો આશય નહોતો 'ગુરુદેવ'નો. સર્વથા જુદું છે એવો આશય કહેવાનો નથી. એને અપેક્ષા નથી એટલે પર્યાય એક અંશ છે. ગુણ અંશ છે અને આત્મા અંશી છે એમ કહેવાનો આશય હતો. બાકી એ કાંઈ અંશ ક્યાંક જુદો રહી જાય છે અને અંશી ક્યાંક જુદો રહી જાય છે એવો આશય નહોતો. એવો સર્વથા ભેદ નથી. એક દ્રવ્યનું પરિણમન થતાં એક રુચિ બદલાણી, દૃષ્ટિ સ્વભાવ ઉપર ગઈ એટલે બધા ગુણો સ્વયંપણે જ્ઞાન, દર્શન, ચારિત્ર બધું સ્વયં સ્વભાવરૂપે સ્વભાવમાં પરિણમન કરે છે.

પ્રશ્ન :– બધા ગુણોથી જુદો એવો સ્વભાવ દ્રવ્યસ્વભાવ કઈ રીતે?

ઉત્તર :– બધા ગુણોથી જુદો દ્રવ્યસ્વભાવ? દ્રવ્ય પોતે શાશ્વત છે. બધાથી જુદો એટલે એના કટકા નથી. એ તો એના લક્ષણો જુદા છે. અનંતગુણોથી અભેદ દ્રવ્ય એ પોતે જ છે. અનંતગુણ પર્યાયથી બનેલું એક દ્રવ્ય છે. એ દ્રવ્ય કાંઈ જુદો કટકો નથી. દ્રવ્ય એક અખંડ છે અને ગુણોનો લક્ષણભેદે ભેદ છે. એમ જુદું છે. બનેલો એટલે કોઈએ બનાવ્યો નથી. સ્વતઃસિદ્ધ એક દ્રવ્ય પોતે જ્ઞાયક જ્ઞાનરૂપે, દર્શનરૂપે, ચારિત્રરૂપે પોતે એક દ્રવ્ય જ છે. એમાં અસ્તિત્વ, વસ્તુત્વ એ બધું એક દ્રવ્ય જ છે. એ ગુણો બધા જુદા લટકે છે અને દ્રવ્ય કાંઈક જુદું છે એવો આશય નથી એનો.

પ્રશ્ન :- માતાજી! પર્યાયનું સ્વરૂપ જેવું છે તે પ્રમાણે સ્વીકારે, દ્રવ્ય સ્વભાવ જે રીતે છે એ રીતે અનંત ગુણોના સામર્થ્યરૂપ સ્વભાવ છે એમ જાણે. પણ છતાં બંનેનો આશ્રય દ્રવ્ય છે એ વાત રહી જાય તો ખરેખર એને પદાર્થનું જ્ઞાન બરાબર નથી એમ (કહી શકાય)?

ઉત્તર :- પદાર્થનું જ્ઞાન બરાબર નથી. એને દ્રવ્ય જુદું રહી જાય છે. એ બધું દ્રવ્યનું સ્વરૂપ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ બધું દ્રવ્યનું જ સ્વરૂપ છે.

પ્રશ્ન :- સ્વરૂપ છે તે પણ જે જે પરિણમન થાય છે એ પણ જેવા ગુણો છે એવું જ થાય છે એટલે ગુણોનો આશ્રય અથવા દ્રવ્યનો આશ્રય છે પર્યાયને એ પણ એને બરાબર સ્વતંત્રતા એટલે મર્યાદિત સ્વતંત્ર જેમ છે એમ જ્ઞાનમાં સ્વરૂપની જે રીતે સ્વતંત્રતા છે એ રીતે રાખીને પણ દ્રવ્યનો આશ્રય છે પર્યાયને તથા ગુણનો આશ્રય છે એ તો એના લક્ષમાં બરાબર રહેવું જોઈએ.

ઉત્તર :- બરાબર રહેવું જોઈએ નહિતર તત્ત્વની ભૂલ થાય છે. એના લક્ષમાં બરાબર રહેવું જોઈએ. પર્યાયને દ્રવ્યનો આશ્રય છે. ગુણો છે એને દ્રવ્યનો આશ્રય છે એ બરાબર એના લક્ષમાં રહેવું જોઈએ. એના લક્ષણભેદને એ માને, કાર્યભેદ (છે), પણ એ બધું અખંડ છે એ બરાબર લક્ષમાં રહેવું જોઈએ. જો કટકા માટે તો તત્ત્વની મોટી ભૂલ થાય છે.

પ્રશ્ન :- કટકા ન માને અને પરિણમન જે થાય છે એ જેવા ગુણો છે એવું થાય છે એટલે એને એ રીતે આશ્રયનો અર્થ એ કે જેવા ગુણો છે એવું જ એમાંથી પરિણમન થાય છે એ આશ્રય સ્વીકારે તો એ પ્રમાણે ખરેખર સ્વીકાર થાય?

ઉત્તર :- દરેકમાં આશ્રય તો સ્વીકારવાનો હોય જ છે. એક આશ્રય ન સ્વીકારે તો એ તત્ત્વને સમજ્યો જ નથી. તો એને દ્રવ્યનો આશ્રય આવ્યો જ નથી, દ્રવ્યનો આશ્રય જ નથી એને ન સ્વીકારે તો. દ્રવ્યનો આશ્રય જેણે ગ્રહણ કર્યો એ પછી એનું પરિણમન બધું દ્રવ્યના આશ્રયે જ થાય છે.

પ્રશ્ન :- અને નહિતર તો એવું થાય કે જો દ્રવ્યનો આશ્રય પર્યાયને (ન હોય), પર્યાયને ગુણ અને દ્રવ્યનો આશ્રય ન હોય તો ગમે તેવી પર્યાય થાય તો એમાં શું બાધા રહે પછી?

ઉત્તર :- એમાં કાંઈ બાધા આવે જ નહિ. તો પર્યાય ગમે તેમ થયા કરે. તો તું પછી સ્વભાવપર્યાય પ્રગટ કર, મોક્ષપર્યાય પ્રગટ કર, સમ્યગ્દર્શન પ્રગટ કર એ કહેવાનું કાંઈ રહેતું જ નથી. પર્યાય સ્વતંત્ર જેમ હોય એમ થયા જ કરે છે. તો પછી પોતે ચૈતન્યદ્રવ્યને શું કરવાનું રહે? કાંઈ રહેવાનું નથી. બધું સ્વતંત્ર થાય છે.

પ્રશ્ન :- એટલે મોટો દોષ આવી જાય છે.

ઉત્તર :- મોટો દોષ આવે છે.

પ્રશ્ન :- આશંકા તો આ માટે ઊઠે છે કે પર્યાયનું પરિણમન જે વિપરીત થાય છે, જેવા ગુણો છે તે રૂપ નથી થતાં માટે આશંકા ઉઠે છે. આ વિપરીત કેમ થાય છે? સ્વતંત્ર છે? પર્યાયની સ્વતંત્રતા છે?

ઉત્તર :- પર્યાયની સ્વતંત્રતા કોઈ અપેક્ષાએ (છે), કોઈ અપેક્ષાએ નથી. ભલે વિપરીત પરિણમન થાય તો એને દ્રવ્યનો આશ્રય છે, દ્રવ્યના આશ્રયે જ થાય છે. વિપરીત પરિણમનરૂપે પોતે પરિણમે છે, ઊંધી દૃષ્ટિરૂપે પોતે પરિણમે છે, કોઈ બીજું પરિણમતું નથી. દ્રવ્યની મૂળ શુદ્ધતા જતી નથી પણ એ પર્યાયમાં જે વિપરીત પરિણમન થાય છે એ પરિણમનારો પોતે છે, બીજો નથી. સ્ફટિકમાં મૂળ સ્વભાવે સ્ફટિક એવું છે પણ જે પરિણમન લાલ, પીળું થાય છે એ બધું પોતે સ્ફટિક પરિણમે છે. એ કાંઈ સ્વતંત્ર અદ્ધર પરિણમતું નથી. વિપરીત પરિણમન થાય એ પોતે જ પરિણમે

છે. બીજું કોઈ પરિણતું નથી. એને કોઈ કરાવી દેતું નથી, પોતે જ પરિણમે છે.

પ્રશ્ન :- એવી વિપરીત, વિચિત્ર પરિણમનની યોગ્યતા એ દ્રવ્યમાં જે છે. એ છે?

ઉત્તર :- એ યોગ્યતા દ્રવ્યમાં છે. હા. પોતે વિપરીત પરિણમન થાય એવી યોગ્યતા દ્રવ્યમાં છે. યોગ્યતા ન હોય તો પરિણમન ક્યાંથી થાય? સ્ફટિકમાં એવી યોગ્યતા છે કે એમાં એ સ્ફટિક લાલ, પીળારૂપે પરિણમે એવી યોગ્યતા છે. એને નિમિત્ત પરાણે કાંઈ લાલ-પીળું કરી દેતું નથી. તો તો કોઈ નિવડ વસ્તુ કે લોઢામાં પણ એવું થાવું જોઈએ, એમ થાતું નથી. સ્ફટિકમાં એવી યોગ્યતા છે માટે થાય છે. એમ ચૈતન્યમાં એવી યોગ્યતા છે માટે પરિણમન થાય છે.

પ્રશ્ન :- એવી શંકા અને એવો સંશય આ જ્યારે વિપરીત પરિણમન છે ત્યારે જ થાય છે. જ્યારે પરિણમન સ્વરૂપની સન્મુખ હોય ત્યારે એ વખતે (સંશય) ઉઠતો નથી.

ઉત્તર :- વિપરીત હોય ત્યારે શંકા ઊઠે અને સ્વભાવ તરફ જાય તો નિઃશંક થઈ જાય છે પછી તો. એને બધું જણાય છે (એટલે) નિઃશંક થાય છે. પછી પ્રશ્ન ક્યાં રહે છે? વિપરીત પરિણમન કોને લઈને થાય છે? એવી શંકા પોતે જ્યાં સુધી નિઃશંક થયો નથી ત્યાં સુધી બધી શંકાઓ ઊઠે છે. જેણે સ્વરૂપને સમજી લીધું (એ) પોતે નિઃશંક થઈ ગયો. દ્રવ્યને સમજ્યો, દ્રવ્યનો આશ્રય લીધો, સમ્યગ્દર્શન થયું, સ્વાનુભૂતિ થઈને એણે બધું સ્વરૂપ જાણી લીધું પ્રયોજનભૂત બધું. એટલે એને એવી શંકાઓ, મૂળ પ્રયોજનભૂત શંકાઓ ઉઠતી નથી. બીજા જાણવાના કોઈ વિચારો આવે બાકી પ્રયોજનભૂત શંકાઓ પછી ઊઠતી નથી.

પ્રશ્ન :- નિઃશંક થઈને સ્વરૂપનો જ આશ્રય લેવાનો રહ્યો?

ઉત્તર :- સ્વરૂપનો આશ્રય જ લેવાનો રહ્યો. નિઃશંક થઈ જા. સ્વરૂપનો આશ્રય જ ગ્રહણ કર. એમાં જે છે તે બધું સ્વરૂપરૂપે તને પ્રગટ થાશે. સ્વરૂપનું પરિણમન પ્રગટ થાશે. જે છે તે બધું અંતરમાંથી પ્રગટ થશે. નિઃશંક થઈ જા. તું વિચારો કરીને વસ્તુસ્વરૂપ આમ જ છે એમ તું નિઃશંક વિચારોથી, તું તારા પોતાથી નિઃશંક થઈ જા. યુક્તિઓથી, વિચારોથી કોઈપણ રીતે તું નિઃશંક થઈ વસ્તુસ્વરૂપને જાણી લે, પછી નિઃશંક થઈ જા. ગુરુ કહે છે, શાસ્ત્રમાં પણ તું પોતે પણ તારા વિચારોથી એવા સમ્યક્ તર્કથી નક્કી કરીને નિઃશંક થઈ જા. તો તને દ્રવ્યનો આશ્રય ગ્રહણ થશે.

પ્રશ્ન :- આપે કાલે કહ્યું હતું ને વિશ્વાસ અને દ્રઢતા. વિશ્વાસ લાવીને અને દ્રઢતા બરાબર...

ઉત્તર :- દ્રઢતા બરાબર કર. માર્ગ આ જ છે. દ્રવ્યનો આશ્રય જ લેવાનો છે.

પ્રશ્ન :- એવો નિઃશંક ન થાય એના માટે બાધક તો સ્વયં પોતે જ છે?

ઉત્તર :- પોતે જ છે. નિઃશંકતા નથી થતી એનું કારણ પોતે એનું કર્મ તો માત્ર નિમિત્ત કહેવાય છે. પોતે ફરે તો ફરી શકે છે, એને કોઈ રોકી શકતું નથી. કર્મ મને રોકે છે એવી જ્યાં સુધી એની દૃષ્ટિ કર્મ ઉપર જાય છે, નિમિત્ત ઉપર જાય છે ત્યાં સુધી એને નિઃશંક થવાનો કોઈ માર્ગ રહેતો નથી. એનો પુરુષાર્થ મંદ થાય છે. અને વસ્તુસ્વરૂપ એમ જ છે કે નિમિત્ત તે નિમિત્ત છે, ઉપાદાન પોતાનું કારણ છે. એ પોતાને કારણે જ પોતે શંકા કર્યા કરે છે. એને નિઃશંકતા આવતી નથી એનું કારણ પોતાના પુરુષાર્થની મંદતા છે. એટલું ક્ષયોપશમજ્ઞાન, એટલું પોતાને અમુક પ્રયોજનભૂત જાણી શકે એટલી તો પોતામાં અમુક જ્ઞાન છે એવી યોગ્યતા છે તો એને કાંઈ કર્મ નિમિત્ત રોકી શકતું નથી. પોતાનું કારણ છે. જે એકેન્દ્રિય ને બધા છે એનામાં કાંઈ વિચારશક્તિ નથી એ વાત જુદી છે અને આ પોતે વિચારી શકે છે, નક્કી કરી શકે છે. તો કર્મનું નિમિત્ત તો માત્ર નિમિત્ત છે, ઉપાદાન કારણ પોતાનું છે. પોતે રોકાણો છે.

પ્રશ્ન :- પોતાનું સાચું પ્રયોજન શું છે એ હજી સુધી એના લક્ષમાં આવ્યું નથી.

ઉત્તર :— એના લક્ષમાં આવ્યું નથી, પોતે પુરુષાર્થ કરતો નથી. પોતે સ્વતંત્ર છે. પોતાની ભૂલથી પોતે રખડ્યો

છે ને પોતે સુધરે તો સુધરી શકાય છે. અનંતકાળથી પોતાની ભૂલથી પોતે રખડ્યો છે અને પોતે ભૂલ સુધારીને આગળ જાય તો પોતે સ્વતંત્ર છે.

પ્રશ્ન :- બીજો પ્રશ્ન ૨૧૩ના બોલમાંથી છે કે છ કારકોરૂપે આત્મા પોતે જ પરિણમે છે. કારકો ભિન્ન-ભિન્ન નથી પણ અભિન્ન છે. આત્મા પોતે જ એકલો છ કારકરૂપ થાય છે અને એવી અનંતશક્તિરૂપ આત્મા પોતે જ પરિણમે છે એમ ૨૧૩ના બોલમાં 'ગુરુદેવ' ફરમાવે છે. એમાં પ્રશ્ન એ થાય છે કે એક કોરથી એમ કહેવામાં આવે છે કે એક એક સમયના પરિણામ સમયે સમયે સ્વતંત્ર છે. છ કારકોરૂપે પોતે પર્યાય પરિણમે છે. પર્યાયને દ્રવ્યની અપેક્ષા નથી, પૂર્વના પર્યાયના વ્યયની અપેક્ષા નથી. તો આ બધાનો મેળ કઈ રીતે છે? એ કૃપા કરીને સમજાવો. આમ તો આગળના બોલમાં આવી ગઈ વાત.

ઉત્તર :- એક જ છે. એ બધું સર્વથા માની લેવાથી એની ભૂલ થાય છે. 'ગુરુદેવ' સર્વથા કહેતા નહોતા. છ કારકરૂપે પરિણમનારું દ્રવ્ય છે. છ કારક બધું અભેદપણે આત્મામાં રહેલું છે. પછી પર્યાયને એ બધા ભેદ પાડવાથી પર્યાયના સ્વતંત્ર (કારકો) એમ કહેવાય છે. પણ પર્યાયના સ્વતંત્ર છ કારકો એટલે કે દ્રવ્ય જુદું અને પર્યાય જુદી એવો આશય 'ગુરુદેવ'નો નહોતો. એ બધું તદ્દન સ્વતંત્ર માનવાથી તો દ્રવ્ય જુદું રહી જાય છે એવો એનો અર્થ થાય છે. એવું કહેવાનો 'ગુરુદેવ'નો આશય નહોતો કે દ્રવ્યનો આશ્રય છોડી અને તું દ્રવ્યને એક કોર મૂકીને આ પર્યાય જુદી અને એવું જ્ઞાન કર એવો કહેવાનો 'ગુરુદેવ'નો આશય નહોતો.

એમ તો 'ગુરુદેવ' પર્યાયનું સ્વરૂપ કહેતા હતા કે પર્યાય પણ એક સ્વતંત્ર પરિણમે છે. ગુણ પણ એના લક્ષણથી, કાર્યથી એનું જ્ઞાન જ્ઞાનરૂપે છે, દર્શન દર્શનરૂપે, ચારિત્ર ચારિત્રરૂપે કાર્ય કરે છે. એમ ગુણોનું અને પર્યાયનું સ્વરૂપ દેખાડતા હતા. એમાં દ્રવ્યને જુદું રાખવાનું કહેતા નહોતા. દ્રવ્યના આશ્રયે જ બધું થાય છે. દ્રવ્યના છ કારકોમાં બધું સમાઈ જાય છે. છ કારકો એ પણ ભેદ છે. એક દ્રવ્ય ઉપર દૃષ્ટિમાં એ કાંઈ હોતું નથી. તોપણ છ કારકો અભેદપણે દ્રવ્યમાં આવી જાય છે. પણ એના લક્ષણભેદ અને કાર્યભેદનું સ્વરૂપ સમજાવે ત્યારે એનું જુદું જુદું કહેતા હતા. એનું સ્વરૂપ સમજાવતા હતા. બાકી તું દ્રવ્યને જુદું પાડી નાખ એવો કહેવાનો આશય નહોતો. જે વાત આવે એને 'ગુરુદેવ' જોરથી સ્થાપતા હતા. એટલે એનો કહેવાનો આશય, તું દ્રવ્ય છોડીને આ બધું છે એમ કહેવાનો આશય નહોતો. દ્રવ્યને છોડી દેવાની વાત નહોતી. 'ગુરુદેવ' ભક્તિની વાત કરતા ત્યારે એવી કરતા, 'ગુરુદેવ' વૈરાગ્યની વાત કરતા તો એવી કરતા, 'ગુરુદેવ' તત્ત્વની વાત કરે તો એવી કરે, દ્રવ્યદૃષ્ટિની વાત કરે તો એટલી જોરથી કરે, પર્યાયની કરે તો એટલી કરે. હવે એનો સંબંધ કરવો પોતાના હાથમાં રહે છે, સંબંધ કેમ કરવો એ.

પ્રશ્ન :- મેળ પોતાને ખવરાવવાનો છે?

ઉત્તર :- મેળ પોતાને કરવાનો છે. જે શાસ્ત્ર એમના હાથમાં હોય એ શાસ્ત્ર પ્રમાણે એના અર્થો કરે. એમાં જેમ એમને રસ પડે, જે એમને સ્થાપવું હોય એ રીતે સ્થાપતા હોય. એનો બધો મેળ કરવો જે જિજ્ઞાસુ આત્માર્થી હોય તે મેળ કરી શકે છે. વિચારથી, દ્રવ્ય જુદું, ગુણ જુદો, પર્યાય જુદી એમ જુદું હોય તો દ્રવ્ય એકલું શૂન્ય થઈ જાય. દ્રવ્યને જ્ઞાનગુણ ક્યાં રહ્યો? દર્શનગુણ ક્યાં રહ્યો? એની પર્યાયનું વેદન ક્યાં રહ્યું? બધું છૂટું છૂટું. કોને માટે પુરુષાર્થ કરવો? આ દુઃખ શેનું? સુખની પર્યાયનું વેદન ક્યાં? બધું ક્યાં? બધું છૂટું છૂટું થઈ ગયું.

દ્રવ્યની અભેદ દૃષ્ટિ ઊભી રાખીને બધું સમજવાનું છે. એક દ્રવ્ય ઉપર દૃષ્ટિ રાખીને બધું એમાં જ છે અને એ રીતે એ સમજવાનું છે. કોઈ એમ કહે કે દ્રવ્યના અનંત ગુણો નથી કે દ્રવ્યમાં અનંત પર્યાયો નથી એવી જેને બુદ્ધિ હોય એને (એમ કહે કે) દ્રવ્યમાં ગુણો અનંત છે, દ્રવ્યમાં જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે, બધાના સ્વભાવ જુદા છે, બધાના

કાર્યો જુદા છે એમ સમજવાનું છે, પણ દ્રવ્ય છોડીને સમજવાનું નથી.

પ્રશ્ન :- વસ્તુપણે ત્રણે એક અભેદ જ છે એ વાત રાખીને...

ઉત્તર :- એ વાત રાખીને સમજવાનું છે. શાસ્ત્રમાં એમ આવે છે અને 'ગુરુદેવ' શાસ્ત્ર પ્રમાણે જ કહેતા હતા અને 'ગુરુદેવ'નું હૃદય પણ એ હતું.

***

(પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃતો...)

સ્વચ્છંદથી ડરો નહિ. (સ્વરૂપના અભાનમાં) અત્યાર સુધી સ્વચ્છંદ જ ચાલતો આવ્યો છે. હવે તો 'સહજ સ્વચ્છંદ (સ્વમાં પ્રવૃત્તિરૂપ) દશા' પ્રગટ કરો. વિવેક આપોઆપ આવી જશે. (૪૯૫)

***

શાસ્ત્ર અહીંથી (આત્મામાંથી) નીકળે છે તેથી અહીંથી નીકળેલી બધી વાતો શાસ્ત્રથી મળી આવે છે. શાસ્ત્ર જોઈને અહીંનું મેળવવું નથી, પરંતુ અહીંથી નીકળેલી વાત શાસ્ત્રથી મેળવી લેવી. (શાસ્ત્ર જોઈને સ્વયંની સમજને મેળવાની પદ્ધતિ ઉચિત નથી કારણ કે એ પદ્ધતિથી સ્વયંના અભિપ્રાય અનુસાર શાસ્ત્રવાંચનનું અર્થઘટન (સમજ) થવાની સંભાવના છે; અને એમાં જે ભૂલ રહી હોય તો તે શાસ્ત્રધારણાથી વધારે દૃઢ થઈ જાય છે; સાથે જ આવી પદ્ધતિથી જ્ઞાનીના વચન પણ શાસ્ત્ર આધારથી સ્વીકાર કરવાનો અભિપ્રાય રહી જાય છે જેથી પ્રત્યક્ષ સત્પુરુષના વચન પ્રીતિ / ભક્તિ / વિશ્વાસ નથી રહેતો. અતઃ સમજેલી વાતને, અનુભવ-પદ્ધતિથી સમજવી જોઈએ; અને પછી અનુભવને શાસ્ત્રથી મિલાન કરવું સાચી પદ્ધતિ છે; અર્થાત્ ઉપાદાનની મુખ્યતાવાળી પદ્ધતિ જ સાચી પદ્ધતિ છે.) (૫૦૨)

***

નિર્વિકલ્પતા ઉપર વજન ન દેવું (પર્યાય ઉપર વજન ન દેવું) તે મારાથી (ધ્રુવપદથી) થોડી મોટી છે? (૫૦૩)

***

પ્રશ્ન :- 'ગુરુદેવશ્રી'ની વાત પણ સારી લાગે છે અને બહારની અનુકૂળતા પણ સારી લાગે છે; પરંતુ 'ગુરુદેવશ્રી' ફરમાવે છે કે 'એક મ્યાનમાં બે તલવાર રહી શકતી નથી'?

ઉત્તર :- એક શુભ છે, એક અશુભ છે. બન્ને જગ્યાએથી હઠીને ત્રીજી (શુભાશુભરહિત) જગ્યાએ આવી જાઓ. (૫૧૭)

***




**પત્રાંક - ૨૫૯**

**મુંબઈ, શ્રાવણ સુદ ૧૧, બુધ, ૧૯૪૭**

પરમ પૂજ્યજી.

આપનો કાગળ ૧ ગઈ કાલે કેશવલાલે આપ્યો. જેમાં નિરંતર સમાગમ રહેવામાં ઈશ્વરેચ્છા કેમ નહીં હોય એ વિગત જણાવી છે.

સર્વશક્તિમાન હરિની ઈચ્છા, સદૈવ સુખરૂપ જ હોય છે, અને જેને કાંઈ પણ ભક્તિના અંશો પ્રાપ્ત થયા છે એવા પુરુષે તો જરૂર એમ જ નિશ્ચય કરવો કે 'હરિની ઈચ્છા સદૈવ સુખરૂપ જ હોય છે.'

આપણો વિયોગ રહેવામાં પણ હરિની તેવી જ ઈચ્છા છે, અને તે ઈચ્છા શું હશે તે અમને કોઈ રીતે ભાસે છે, જે સમાગમે કહીશું.

શ્રાવણ વદમાં આપને વખત મળે તેવું હોય તો પાંચ પંદર દિવસ માટે સમાગમની ગોઠવણ કરવાની ઈચ્છા કરું.

'જ્ઞાનધારા' સંબંધી મૂળમાર્ગ અમે તમને આ વખતના સમાગમમાં થોડો પણ કહીશું; અને તે માર્ગ પૂરી રીતે આ જ જન્મમાં તમને કહીશું એમ અમને હરિની પ્રેરણા હોય તેવું લાગે છે.

તમે અમારે માટે જન્મ ધર્યો હશે એમ લાગે છે. તમે અમારા અથાગ ઉપકારી છો. તમે અમને અમારી ઈચ્છાનું સુખ આપ્યું છે, તે માટે નમસ્કાર સિવાય બીજો શું બદલો વાળીએ?

પણ અમને લાગે છે કે અમારે હાથે હરિ તમને પરાભક્તિ અપાવશે; હરિના સ્વરૂપનું જ્ઞાન કરાવશે; અને એ જ અમે મોટો ભાગ્યોદય માનીશું.

અમારું ચિત્ત તો બહુ હરિમય રહે છે, પણ સંગ બધા કળિયુગના રહ્યા છે. માયાના પ્રસંગમાં રાત દિવસ રહેવું રહે છે; એટલે પૂર્ણ હરિમય ચિત્ત રહી શકવું દુર્લભ હોય છે, અને ત્યાં સુધી અમારા ચિત્તને ઉદ્વેગ મટશે નહીં.

ખંભાતવાસી જોગ્યતાવાળા જીવ છે, એમ અમે જાણીએ છીએ; પણ હરિની ઈચ્છા હજુ થોડો વિલંબ કરવાની દેખાય છે. આપે દોહરા વગેરે લખી મોકલ્યું તે સારું કર્યું. અમે તો હાલ કોઈની સંભાળ લઈ શકતા નથી. અશક્તિ બહુ આવી ગઈ છે; કારણ કે ચિત્ત બાહ્ય વિષયમાં હાલ જતું નથી.

લિ. ઈશ્વરાર્પણ.

***

**પત્રાંક - ૨૬૦**

**મુંબઈ, શ્રાવણ સુદ ૯, ગુરુ, ૧૯૪૭**

નથુરામજીના પુસ્તક વિષે, તથા તેના વિષે આપે લખ્યું તે જાણ્યું. હાલ કંઈ એવું જાણવા ઉપર ચિત્ત નથી. તેનાં એકાદ બે પુસ્તકો છપાયેલાં છે, તે મેં વાંચેલા છે.

ચમત્કાર બતાવી યોગને સિદ્ધ કરવો, એ યોગીનું લક્ષણ નથી. સર્વોત્તમ યોગી તો એ છે કે સર્વ પ્રકારની સ્પૃહાથી રહિતપણે સત્યમાં કેવળ અનન્ય નિષ્ઠાએ જે સર્વ પ્રકારે 'સત્' જ આચરે છે, જગત જેને વિસ્મૃત થયું છે. અમે એ જ ઈચ્છીએ છીએ.

***